દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ
પાના નંબર :- ૦૨
તારીખ :- ૧૧/૦૧/૨૦૨૬

**સુવિધા** | સાંજે 5 વાગ્યે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન ખાતે વડાપ્રધાન મોદી લોકાર્પણ કરશે

# આજથી મેટ્રો મહાત્મા મંદિર સુધી દોડશે નગરમાં પૂર્ણ રૂટ પર મેટ્રો દોડતી થઈ જશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ગાંધીનગરના નાગરિકોને રવિવારથી અમદાવાદથી ગાંધીનગર મહાત્મા મંદિર સુધીની મેટ્રો રેલ સેવાનો લાભ મળતો થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 11મી જાન્યુઆરીને રવિવારના રોજ મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન ખાતેથી સાંજે 5 વાગ્યે આ રેલ સેવાનું લોકાર્પણ કરશે. આ સાથે જ ગાંધીનગરમાં પૂર્ણ રૂટ પર મેટ્રો રેલ દોડતી થઈ જશે. હાલમાં સચિવાલય મેટ્રો સ્ટેશન સુધી જ મેટ્રો રેલ સર્વિસ ઉપલબ્ધ છે. હવે ત્યાંથી મહાત્મા મંદિર સુધી વધુ 5 મેટ્રો સ્ટેશન કાર્યરત થઈ જશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સોમનાથથી રાજકોટ પહોંચી ત્યાં રીજનલ વાયબ્રન્ટ કોન્ફરન્સનો પ્રારંભ કરાવશે. તે પછી બપોરે તેઓ ગાંધીનગર પહોંચશે. મહાત્મા મંદિર ખાતે જર્મન ચાન્સેલરની ઉપસ્થિતિમાં યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે. આ સાથે તેઓ મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન ખાતેથી મેટ્રો રેલ સેવાનું લોકાર્પણ પણ કરાવશે.

અમદાવાદથી ગાંધીનગર સુધી પ્રથમ તબક્કાની મેટ્રો રેલ સેવા મોટેરાથી સેક્ટર-1 સ્ટેશન સુધી સપ્ટેમ્બર 2024માં કાર્યરત થઈ હતી. તે પછી પ્રાયોરિટીના ધોરણે સચિવાલય મેટ્રો સ્ટેશન સુધીની મેટ્રો રેલ સેવા શરૂ કરાઈ હતી. સચિવાલયથી મહાત્મા મંદિર સુધીમાં કુલ 5 સ્ટેશનો આવશે. આ તમામ સ્ટેશનોની કામગીરી પણ પૂર્ણ કરી દેવાઈ છે. વડાપ્રધાનના આગમનને લઈને સમગ્ર શહેરમાં સજ્જડ સલામતિ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. શહેરમાં અનેક માર્ગો પ આ બે દિવસ દરમિયાન બંધ કરવામાં આવ્યા છે. સાથે વિવિધ વિસ્તારો નો પાર્કિંગ ઝોન જાહેર કરાયા છે.

## મહાત્મા મંદિર ખાતે નાગરિકો અભિવાદન કરશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાંજે 5 વાગ્યે મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશન ખાતેથી સચિવાલયથી મહાત્મા મંદિર સુધીની વિસ્તૃત મેટ્રો સેવાનું લોકાર્પણ કરવાના છે. આ પ્રસંગે તેઓ મહાત્મા મંદિરથી મેટ્રો સ્ટેશન સુધી જશે. આ સમયે શહેરના નાગરિકો, આગેવાનો દ્વારા મોટી સંખ્યામાં મહાત્મા મંદિરની બહાર તેમનું અભિવાદન કરવામાં આવશે. આ પહેલા પણ ઓપરેશન સિંદુર પછી પ્રથમવાર ગાંધીનગર આવેલા વડાપ્રધાનનું ભવ્ય અભિવાદન કરાયું હતું.

## મેટ્રોથી રેલવે સ્ટેશન સુધી 400 મીટરનું ટ્રાવેલેટર પણ ખુલ્લું મુકાશે

મેટ્રોમાં બેસીને ગાંધીનગર રેલવે સ્ટેશન આવતા નાગરિકોને મેટ્રો સ્ટેશનેથી સીધા રેલવે સ્ટેશન જવા માટે ટ્રાવેલેટરની સુવિધા આપવામાં આવશે. મેટ્રોથી રેલવે સ્ટેશન સુધી 400 મીટર લંબાઈ ધરાવતું ટ્રાવેલેટર 35 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયું છે. મેટ્રો રેલ સેવાની સાથે તેનું પણ લોકાર્પણ કરાશે.